# જૈનધર્મવિકાસ.

પુસ્તક ૪ થું. જેઠ સં. ૨૦૦૦. અંક ૮ મો.

## "સીમંધર સ્તવન"

(પપીહારે પપીહારે)

રચયિતા હેમેન્દ્રસાગરજી

પ્રભુજીરે પ્રભુજીરે પ્રભુજીરે મુજ આતુર મન અકળાય,
પ્રભુ શ્રીમંધર સુખના સાગર દર્શન ઈચ્છા થાય......૧

ક્રોડ દેવ તુજ સેવા કરતા, ઠાઠ મચાવે નાથ!
ગાન તાન, પૂજા કરીને, ધુન ખૂબ જગાવતા
દેવ મોકલી તેડો પાસે, તો પ્રભુજી સુખ થાય...પ્રભુજીરે...૨

પીડા મારી પ્રભુજી ટાળો, જિનવર જીવનાધાર,
રાત દિન તુજ ધ્યાન લગાવું; ખાળો મુજ અજ્ઞાનતા,
જ્ઞાનનિધિ! શુભ જ્ઞાન દાનથી, તુજ રૂપ સત્ય પમાય...પ્રભુજીરે...૩

સાચી તારી લગની લાગી, સુમતિ સાત્વિક સત્વર જાગી
છોડુ ના અવલંબન તારૂં, ધારો નાથ! ઉદારતા
અંતરના આરામ જિનેશ્વર, આશા મારી હણાય ના;
આશા તારે જીવન વીતે, દર્શન દ્યો જિનરાય....પ્રભુજીરે...૪

જુઠ્ઠી સઘળી જગની માયા, નાશવંત માનવની કાયા,
સાચું શરણું એક તમારૂં, તેને હરદમ ચાહું,
એક દિન તુજ રૂપ પામતાં, એક રૂપ થઈ જાઉં.
મુનિ હેમેન્દ્ર અજિત પદ પ્યાસી, પામી પ્રભુ હરખાય....પ્રભુજીરે....૫

જૈન ધર્મ વિકાસ :: વર્ષ ૪ :: અંક ૮ ::

તંત્રીસ્થાનેથી

# તિથિચર્ચાનું પરિણામ.

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા-રૂપ ચતુર્વિધ જૈનશાસન સંસ્થામાં સાધુ મહારાજ અગ્રગણ્ય છે તે નિર્વિવાદ છે. આ મુનિ મહારાજ જ્ઞાનધ્યાનથી પોતાના કલ્યાણ સાથે પરમનુષ્યોનું ઉપદેશાદિથી કલ્યાણ કરનાર હોય છે. મોટામાં મોટા માંધાતા અને પોતાને અગ્રગણ્ય માનનારના પણ પ્રગતિરોધક તત્ત્વોને જરા પણ તેની લક્ષ્મી કે મોટાઇમાં અંજાયા સિવાય નિસ્વાર્થભાવે કહી શકે છે અને તેને યોગ્ય માર્ગે દોરી શકે છે. રાજા, મહારાજા કે મોટા મહારથીઓની આસપાસ અર્થ અને પ્રતિષ્ઠાનું લાલચું ટોળું તેને સત્ય સમજવામાં ખુબ અંતરાયરૂપ હોય છે તેમાં નિઃસ્વાર્થ મુનિજ તેઓને યોગ્ય માર્ગે લાવે છે.

**મતભેદ કલ્યાણકામી હોય.**

આ પરમ કલ્યાણકારી મુનિસંસ્થામાં પણ મતભેદ પડે પરંતુ તે મતભેદ હરહંમેશ કલ્યાણકામી હોય. તે મતભેદની પાછળ કલ્યાણકામના હોય. જીવનમાં પ્રગતિ સાધનાર મુનિ જ્યારે કોઈપણ ઉલટો માર્ગ લે અને તેનાથી તેનું અને તેની પ્રતિષ્ઠા પ્રમાણે અનુસરનાર વર્ગનું નુકશાન થતું હોય ત્યારે જરાપણ અચકાયા વિના તેને યોગ્ય સુચના, સમજુતિ અને દલીલો આપી સમજાવે અને તેની દલીલો સાંભળી, વિચારી યોગ્ય માર્ગે આવે અથવા તો બીજાને લાવે.

વાસ્તવિકરીતે મતભેદ એ આવકારદાયક છે કારણકે તેમાં વિચારણા અને વસ્તુ પ્રત્યેનો પ્રેમ છે. બુદ્ધિ અને વસ્તુનો પ્રેમ ન હોય ત્યાં મતભેદ પણ ક્યાંથી હોય. તિથિચર્ચા એ પણ આવાજ પ્રકારનો શરૂઆતમાં મતભેદ હતો. એકપક્ષને લાગ્યું કે પર્વારાધન આપણે ત્યાં અમુક રીતે થાય છે પણ તે બરાબર શાસ્ત્રીય નથી તેણે એ વાત રજુ કરી પોતાની દલીલો અને સમજુતિ આપી બીજા પક્ષે તે વાત સાંભળી, વિચારી સામે તેણે પણ શાસ્ત્રપાઠ દલીલો અને સમજુતિ આપી અને જણાવ્યું કે જે પ્રમાણે આપણે કરીએ છીએ તે ખોટું નથી શાસ્ત્ર અને પરંપરાનું તેને બળ છે, આ બધું થયું ત્યાં સુધી તો બરાબર છે.

**મતભેદમાંથી મનભેદ.**

પરંતુ તે મતભેદ મનભેદની મર્યાદા વટાવી ગયો અને તે મતભેદમાંથી મતભેદ પ્રગટ્યો. શરૂઆતમાં વિચારણા થઈ તે વિચારણાની પુરી ગવેષણા થાય તે પહેલાં એકપક્ષે જેણે વાત રજુ કરી હતી તેણે પોતાની રજુ કરેલ માન્યતા પ્રમાણે અમલ કર્યો. જો કે બંને પક્ષને વાસ્તવિક રીતે આ મતભેદની પાછળ કલ્યાણકારી પર્વારાધનની નિયતતા હતી. અને દરેકનું માનવું હતું કે પર્વારાધનની ચોક્કસતા

અને તેનો લાભ બરાબર મળવો જોઈએ. જ્યારે આ મતભેદનો એક પક્ષે કાર્યરૂપે અમલ કર્યો ત્યારે બીજા પક્ષને લાગ્યું કે હવે આ મતભેદ નથી પણ આગ્રહ થયો ત્યારે સારાસારનો વિવેક અને યોગ્ય ગવેષણા ઉડી જઈ તેને સ્થાને પોતાના આગ્રહને પોષક તત્ત્વોનો સંચય થાય તે સ્વાભાવિક છે. તેમ આ ચર્ચાના પ્રસંગમાં પણ બન્યું અને પરિણામ એ આવ્યું કે આયંબિલની ઓળી, પ્રતિષ્ઠા મહોત્સવો, ઉદ્યાપનો, ઉપધાનો વિગેરે સર્વસંમત શાસનપ્રભાવનાના કાર્યો જે દરેકને મનઃપ્રમોદ કરવાવાળાં થવાં જોઈએ તેમાંપણ આ આગ્રહે સ્થાન ભજવ્યું.

## મનભેદ એ સર્વભક્ષી હિમ જેવો છે

આપણે જાણીએ છીએ કે અગ્નિનો પ્રકોપ અગ્નિ પ્રસરે ત્યાં બાળે પરંતુ હિમ પ્રકોપ તેથી ભયંકર નુકશાન કરે. અગ્નિથી થનારો નાશ માણસને નાશરૂપ લાગે, હૃદય બળે અને તેના નાશથી બચવા સર્વ પ્રયત્નો કરી છુટાય. હિમથી થનારો નાશ ખ્યાલ ન આપે અને ખ્યાલ આપે તો પણ નાશ પછીથીજ. આ તિથિચર્ચાના મતભેદમાંથી થયેલો મનભેદ જૈન શાસનમાં થયેલો 'હિમ પ્રકોપ' છે તેણે શાસનમાં છિન્નભિન્નતા પ્રગટાવી છે. શાસનના કેટલાએ ઉપયોગી અંગો આજે આ મતભેદને પરિણામે ઘણી વિનાનાં બન્યાં છે. શાસન પ્રભાવના કરનાર ઉત્સવો એક બીજાના મનઃપ્રમોદ કરવાને બદલે હૃદયદાહક બને છે તે ઓછું દુઃખ નથી. સંઘ કાઢનાર, ઉજમણા કરનાર અને છુટે હાથે હજારો ખર્ચનાર એક બીજાના ઉત્સવો જોઈ નથી શકતા તેને અભિનંદી નથી શકતા. ઓળીના મહોત્સવો પોતાને આંગણે કરનાર તેમાં રાચનાર એક બીજાના મહોત્સવો નિંદે છે. એક બીજાના ઉપધાનોમાં પ્રતિષ્ઠા મહોત્સવોમાં અને બીજા નિતાંત કલ્યાણકામી કામો આજે મનઃપ્રમોદ ન કરતાં એક બીજાના હૃદય દાહક બને છે તે ઓછું દુઃખદ નથી.

## મર્યાદા ચૂકેલ ચર્ચા સંસાર વધારશે

દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય ભક્ષણ, પ્રતિમા-ઉત્થાપન જેમ પ્રાણીને અનંત સંસાર રખડાવનાર છે તેમ આ ચર્ચામાંથી થયેલ અવર્ણવાદની લત અણસમજુ માણસોને સંસારવર્ધક છે. આજે એક બીજાના પક્ષમાં પડેલ મનુષ્યો એકબીજાના મુનિ પ્રત્યેના અવર્ણવાદ અને કાર્યાકાર્યના વિચાર વિના યદ્વા તદ્વા વાણીનો વિહાર કરે છે તે તેમને ખુબ ઘાતક છે.

આપણે સારી રીતે જાણીએ છીએ કે પ્રતિમાનું દર્શન અને પૂજન ભવાંતરમાં પ્રતિમા દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન પ્રગટાવે છે અને તે દ્વારા માણસ ધર્મ માર્ગે આવે છે. મુનિદર્શન અને ઉત્સવો હૃદયોલ્લાસ પ્રગટાવી ધર્મઅંકુર પ્રગટ કરે છે. આજના તિથિચર્ચાના મનભેદમાંથી થતો હૃદયદાહ, નિંદા અને અવર્ણવાદ જો શમાવવામાં ન આવે અને એમ ને એમ ચાલુ રહે તો તે જતે દીવસે રૂઢ બની ભદ્રિક માણસોને ભવાંતરમાં મુનિદર્શને આનંદ અને ધર્મ અંકુરાને પ્રગટાવવાને બદલે દ્વેષ પ્રગટાવશે

અને તે દ્વારા ભદ્રિક આત્માઓ તરવાને બદલે ડુબી જશે.

**શું કરવું.**

આ ચર્ચાને શાસ્ત્રીય મતભેદમાં રાખો, વિચારણા કરો પણ મનભેદમાં ન પરિણમવા દો. આ ચર્ચાના પ્રસંગ સિવાય સર્વ બાબતોમાં એકબીજા હાથો-હાથ મિલાવો અને શાસનના કાર્યમાં ઉદ્યુક્ત રહો. એજ

**મફતલાલ ગાંધી.**

---

# સંપ ત્યાં જંપ અને સુખ.

---

**લેખકઃ—કવિરાજ બાલચંદજી પંડિત.**

સંસારમાં અને ત્યાગ માર્ગમાં પણ સંપનું સ્થાન અજોડ છે. સંપ ત્યાંજ જંપ હોય છે અને જ્યાં સંપ હોય ત્યાંજ સાચું સુખ અને સાચી શાંતિ મળી શકે છે. કુસંપ કરવાથીજ આપણો પ્રાણપ્યારો ભારત વર્ષ ગુલામ બન્યો છે અને કુસંપથીજ ભલભલાં મહા રાજ્યો પણ માટીમાં મળી ગયાં છે! કુસંપથી મોટા મોટા સમાજો પણ નષ્ટ પ્રાય થયા છે અને કુસંપથીજ મહાન્ નરવીરો અને શુરવીરો પણ હતા નહતા થઈ ગયા છે. માટે સમજુ અને સજ્જન પુરૂષોએ તો સદાને માટે કુસંપ–કજી-આથી દૂરજ રહેવું જોઈએ.

આજના આ વીસમી સદીના સ્વાર્થી, સડેલા તેમજ ઝેરી જમાનામાં દેશોદેશ વચ્ચે, રાજ્યો રાજ્યો વચ્ચે, નાત જાત વચ્ચે, સમાજ સમાજ વચ્ચે, ગામ ગામ વચ્ચે અને માણસ માણસ વચ્ચે પ્રાયઃ કુસંપનીજ હૈયાહોળી સળગી રહેલી જોવામાં આવે છે. અને આવા કુસંપના પ્રતાપથીજ આજે દુનિયાએ કદી પણ ન જોયેલું અને ઇતિહાસે અગાઉ કદી પણ ન નોંધેલું એવું મહા ભયંકર વિશ્વયુદ્ધ હાલમાં યુરોપમાં ચાલી રહ્યું છે અને તેમાં કરોડો માણસોનો તથા અસંખ્યાત જીવોનો ક્રૂર રીતે કચ્ચરઘાણ વળી રહ્યો છે અને તેથી સારીએ દુનિયા આજે હેરાન થઈ રહી છે એ શું કોઈથી પણ અજાણી કે અનુભવ વગરની વાત છે? આ ઉપરાંત હિન્દુ–મુસલમાનના માલ વગરના ઝઘડાઓથીજ ભારત માતાની આબાદી અને આઝાદી દૂરને દૂર ધકેલાતી જાય છે એ શું ઓછા ખેદની વાત છે?

તેવીજ રીતે આપણો એક વખતનો મહાન યશસ્વી અને ગૌરવવંતો જૈન સમાજ પણ હાલમાં તો કુસંપના કારણથીજ છિન્નભિન્ન થઇ ગયો છે એ ખરેખર ઉંડા દુઃખ અને દીલગીરીનો વિષય છે. હાલમાં આપણા જૈનોમાં પાર્ટી સ્પીરીટ વધતોજ જાય છે. કોઈ કોઇની વાત સાંભળતું નથી. કોઇ કોઇનું કહ્યું કરતું નથી, બધા પોતપોતાને ફાવે તે

રીતે વર્તે છે. તિથિચર્ચાના ઝઘડાએ તો ચારે તરફ કાગારોળ મચાવી મૂકયો છે એ શું વ્યાજબી કહેવાય?

આજે તો તિથિચર્ચાના કાવાદાવાઓથી જૈન સાધુઓમાં બે ભાગલા પડી ગયા છે અને શ્રાવકો તો સાધુઓથી પણ એક ડગલું આગળ વધીને પોતપોતાના ગુરૂઓ અને પોતપોતાના અપાસરાઓ તથા જ્ઞાનમંદીરો પણ અલગ-અલગ સ્થાપિત કરવા લાગ્યા છે. શું આ વસ્તુ-સ્થિતિ બુદ્ધિશાળી કહેવાતા એવા જૈન સમાજને જરાય શોભે છે? જૈન ધર્મ જેવો ધર્મ બીજો કયો છે? જૈન ધર્મના સાધુઓ જેવા પંચમહાવૃત્તધારી સાધુઓ બીજે કયાં છે? સાધુ કોને કહેવાય? જે પોતે સાધે તે સાધુ અર્થાત્ પોતાના અને પારકાના આત્માનું કલ્યાણુ કરે તેજ સાચો સાધુ. સાધુઓમાં વિષયકષાય ન હોવા જોઇએ. સાધુઓમાં નિંદા, કુથલી ન હોવી જોઇએ તેમજ રાગદ્રેષ, સામ-સામી ગાળાગાળીની સાઠમારી અને રાગ દ્રેષથી પર એવા ભગવાન જીનેશ્વરદેવોના સુસાધુઓમાં જરાપણ ચાલબાજી, દંભ, અભિમાન, ઇર્ષ્યા અને મતાગ્રહ ન જ હોવાં જોઇએ અને જેનામાં એ ન હોય તેજ સાચો સાધુ તેવા પતિતપાવન, પવિત્ર અને પરોપકારી સાધુ મહાત્માના ચરણે જગત આખું ઝુકી પડે! આજે જૈન સમાજના આચાર્યો મહાન્ બુદ્ધિશાળી, બાહોશ, પુણ્યશાળી, મહા વિદ્વાન અને મહા સામર્થ્યવાન નરબંકાઓ હોવા છતાં પણ બંને મહા ધર્મધુરંધર આચાર્યોએ એક જૈનેતરને ન્યાયની તુલા સોંપી એ શું શરમભરેલું ન કહેવાય?

સંસારમાં સામાન્ય વહેવાર પણ એવો છે કે બે જણુ લઢતા હોય તે કોર્ટમાં જાય ત્યાંથી હારે તો આગળ હાઇકોર્ટમાં જાય અને ત્યાં પણ સમાધાન ન થાય તો લંડનમાં પ્રીવિ કૌંસીલ સુધી પણ જાય છે. તેવીજ રીતે બંને આચાર્ય-દેવો મહા સમર્થ, મહા વિદ્વાન્ અને મહા ભડવીર હોવા છતાં પણ તેઓ બંને કોઈપણ રીતે તેનો નિચોડ લાવી શકે તેમ નથી? અથવા તો આ દિનપ્રતિદિન વધતા જતા ઝગડાનો અંત આણુવાના શુભ ઈરાદાથી શું સમસ્ત સાધુ સંમેલન ભેગું કરવાની જરૂર તેમને લાગતી નથી? સંઘમાં પણ કયાં ધીર, વીરપુરૂષો ઓછા પડયા છે? આજે ઘણાએ ગર્ભ શ્રીમંતો, મહાન્ વિદ્વાનો, ખાનદાન, પ્રતિષ્ઠિત અને આબરૂદાર સજ્જનો આપણા જૈન સંઘમાં હયાતી ધરાવે છે તથા સંઘમાં સુપ્રસિદ્ધ એવા શ્રી સંઘો પણ બીરાજમાન છે તેમજ ઘણાએ આગેવાન નરવીરોથી આપણો જૈન સમાજ આજે પણ શોભી રહ્યો છે તો પછી એવા વિદ્વાન અને પ્રખ્યાત આગે-વાનો પરમ પૂજ્ય સાધુ મહાત્માઓને એક જગાએ ભેગા થવાનું આમંત્રણ આપી રાજનગર જેવા પ્રખ્યાત, પુણ્યવંતા અને ગરવી ગુજરાતના પાટનગર સમા નગરમાં બીજું એક સાધુ સંમેલન ભેગું કરીને બંને પક્ષોને માન્ય થઇ પડે તેવો મધ્યસ્થ માર્ગ મેળવવાનો પ્રયત્ન કરશે ખરા? હવે તો આ દીશામાં આચાર્યોએ અને આગેવાનોએ કમર કસવાની ખાસ

જરૂર છે. જૈન સમાજમાટે જે કોઇને પ્રેમ હોય, જૈન ધર્મના ઉદ્ધાર માટે જો કોઇને મરી ફીટવાની તમન્ના હોય અને જૈન જગતનું હિત કોઇના હૈયે હોય તેવા નાના-મોટા સાધુ-શ્રાવક, સ્ત્રી-પુરૂષ, ગરીબ-તવંગર, વિદ્વાન-અભણ એ તમામ સજ્જન મહાનુભાવોને આ પવિત્ર પાવનકારી અને કલ્યાણકારી માર્ગે આગળ વધવા માટે આપણા પ્રાણ પ્યારા જૈન ધર્મનો વિજય વાવટો ફરી એક વાર સમસ્ત ભારતવર્ષમાં અને સારીએ દુનિયામાં ફરકાવવા પ્રેમભર્યાં આમંત્રણ છે.

આજે તો તોફાની સાગરમાં ઝોલાં ખાઇ રહેલી એવી જૈન સમાજની નાવને ઝંઝાવાતમાંથી બચાવી શકે, કીનારા પર લાવી શકે અને બાહોશીથી તેનું સુકાન સંભાળી શકે તેવા સૌ કોઇને સમસ્ત જૈન સમાજના લાખો ધન્યવાદો, આશિર્વાદો અને વંદનાઓ સાંપડી શકે તેમ છે અને ત્રિલોકના નાથ અને સમસ્ત સંસારના તારક એવા ભગવાન જીનેશ્વર દેવોના અનંત આશિર્વાદો તેમને મલી શકે તેમ છે. માટે કૃપાળુ ગુરૂદેવો ! અને માનવંતા આગેવાન સજ્જનો ! ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો અને જાગ્યા ત્યારથી સવાર સમજીને સન્માર્ગે લાગો અને ફતેહ કરો ! એજ અભ્યર્થના છે. અસ્તુ ! !

---

# નેમ રાજુલ સ્તવન

(રાગ ધનવાન જીવન માણે છે)

ભગવાન તોરણ આવે છે, જન જાદવ જાન શોભાવે છે
જોઈ રાજુલને સહુ લોકો, પ્રભુ ભાગ્યને વખાણે છે. ભગવાન.

સાખી. પોકાર પશુના સાંભળતાં, રોમે રોમે અહિંસા ધરતાં
શાદીનું ત્યાં સંસાર છોડી, મોહ માન હઠાવે છે. ભગવાન

સાખી. નીરધાર બની રાજુલ રડતી, પ્રભુ પાસે જઈ દુઃખને હરતી
શિવાદેવી નંદન જેવા, દીક્ષા ઉમંગે ધારે છે. ભગવાન.

સાખી. દુઃખ શોક ગયે હો તપ જપમાં, બેઉ પહોંચ્યા મુક્તિ તે ભવમાં
પ્રભુ જીવનના પ્રભુના સુખના, સહુ રસિક જીવો ગુણ ગાવે છે. ભગવાન.

---

# સિદ્ધચક્રની તાત્ત્વિક ભાવના

લે. વિજયપદ્મસૂરિજી મહારાજ

( ગતવર્ષ પૃ. ૧૨૪ થી અનુસંધાન )

તે વખતે આ પ્રમાણે સ્તુતિ કરે છે. હે પ્રભો ! આપ સર્વ કર્મરૂપ કટ્ટા દુશ્મનોને જીતી જલ્દી કેવલજ્ઞાન પ્રાપ્ત કરો. ઇત્યાદિ અનુક્રમે પ્રભુ વનમાં પધાર્યા. ત્યાં અશોક વિગેરે ઝાડની નીચે ઇંદ્ર વિગેરે શિબિકા સ્થાપન કરે છે ત્યારે પ્રભુ નીચે ઉતરી આભૂષણો ઉતારે છે.તે સમયે કુળની વડેરી સ્ત્રી હંસના ચિત્રવાળા ઉત્તમ વસ્ત્રમાં તે (આભૂષણો) લઇને આ પ્રમાણે હિતશિક્ષા આપે છે. હે પુત્ર ! તમે ઉંચામાં ઉંચા કુલના ઉત્તમ ક્ષત્રિય છો, તેથી સંયમની આરાધનામાં લગાર પણ પ્રમાદ કરશો નહિ. અને તેમ વર્ત્તવાથીજ તમે તમારા સાધ્યને (મોક્ષને) સાધી શકશો વિગેરે. આ હિતશિક્ષા આપણે જરૂર યાદ રાખવી જોઇએ. પછી પ્રભુજી પ્રાયઃ એક મૂઠિથી દાઢી મૂછના કેશનો, અને ચાર મૂઠીથી મસ્તકના કેશનો લોચ કરે છે. અહીં સમજવાનું એ છે કે-પાંચ ઇંદ્રિયોની અનુકૂલ પ્રવૃત્તિને રોકવી, અને ચાર કષાયનો જય એમ નવ પ્રકારનો ભાવ લોચ કરે છે, અને કેશના ત્યાગરૂપ દશમો દ્રવ્યલોચ કરે છે. શક્રેન્દ્ર તે કેશને લઇ, પ્રભુને જણાવી ક્ષીરસમુદ્રમાં સ્થાપન કરે. પછી ઇંદ્ર પોતાનો આચાર પાલવાની ખાતર પ્રભુના ખભા ઉપર લક્ષ્યમૂલ્યનું દેવદૃષ્ય વસ્ત્ર સ્થાપન કરેછે. તે સમયે ઇંદ્રના કહેવાથી દેવો તથા નરનારીઓનો ઘોંઘાટ શાંત થઇ જાય છે. પછી પ્રભુ '**नमो सिद्धाणं**' એમ કહે-કારણ પ્રભુને સિદ્ધભગવંત પૂજ્ય છે. એમ આચારાંગસૂત્રમાં કહેલ છે. એમ સિદ્ધોને નમસ્કાર કરી '**करेमि सामाइयं सव्वं सावज्जं जोगं पच्चक्खामि**' ઇત્યાદિ સામાયિકનો પાઠ પ્રભુજી બોલે છે. તેમાં 'ભંતે' આ પદ ન બોલે તેનું કારણ એ કે તેમને (અરિહંતપ્રભુને) ભગવંત (પૂજ્ય) હોતા નથી. અને 'નમોસિદ્ધાણું' આ પદ પણ 'પોતાને તેમ બોલવાનો' આચાર છે. તે ખાતર બોલે છે. બાકી અમુકઅંશે સર્વઅર્થની સિદ્ધિતો પ્રભુને પણ થયેલી છે. એમ શ્રી તત્તાર્થસૂત્રની ટીકામાં કહેલ છે. જે સમયે ચારિત્ર ગ્રહણ કરે તેજ સમયે પ્રભુને ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રકટે છે કે જેથી સંજ્ઞિજીવોના મનોભાવોને જાણી શકાય છે. પછી તેજ દિવસે પ્રભુ વિહાર કરે. તેમને દ્રવ્ય (સચિત્ત વિગેરે વસ્તુ), ક્ષેત્ર (ગામ ઘર વિગેરે), કાલ (માસ-વર્ષ વિગેરે કાલ) અને ભાવ (રાગ દ્વેષ વિગેરે)માં પ્રતિબંધ (આસક્તિ=પ્રેમ) હોતો નથી. પ્રભુ શરૂઆતનું પારણું જેને ત્યાં કરે, તે સ્થલે દેવો પંચદિવ્યો પ્રકટ કરે છે (વિસ્તારે છે.) તે પાંચ દિવ્યો આ પ્રમાણે જાણવા.

૧ સુગંધિ પાણીની વૃષ્ટિ ૨ ફૂલની વૃષ્ટિ. ૩ સુવર્ણની વૃષ્ટિ. ૪ આકાશમાં

દિવ્ય દુંદુભિનો ધ્વનિ. ૫ અહોદાન–અહોદાન એવી ઉદ્‌ઘોષણા તે પ્રસંગે હરખાયેલા દેવો મનુષ્ય જન્મની અનુમોદના કરે છે. અને વધારેમાં વધારે સાડાબાર કરોડ સોનૈયાની અને ઓછામાં ઓછી સાડાબાર લાખ સોનૈયાની વૃષ્ટિ કરે છે.

૧ પારણું કરાવનાર જીવ પહેલાં જો આયુષ્ય ન બાંધ્યું હોય તો તે સમયે દેવાયુષ્યજ બાંધે છે. કારણ રત્નપાત્રમાં દાન આપે છે. અને મોડામાં મોડા ત્રણ ભવમાં અને વહેલામાં વહેલા એક ભવમાં તે જીવ જરૂર મુક્તિપદ પામે.

અરિહંત પ્રભુના દીક્ષાકલ્યાણકના પ્રસંગે એ પણ સમજવું જોઇયે કે– પ્રભુ સંયમને પામ્યા, એટલે અરિહંત પ્રભુ સર્વ કર્મોમાં સેનાધિપતિ સમાન મોહનીયકર્મનો નાશ કરવા માટે સંસારને તજી નિર્મલસંયમની આરાધના કરવા તત્પર થયા.

અહીં કેટલાએક એવો પ્રશ્ન ઉઠાવે છે કે પ્રભુ જો દેવદૂષ્ય વસ્ત્ર રાખે, તો પરિગ્રહધારી થયા. પરિગ્રહ અને દીક્ષાને વિરોધ હોવાથી પરિગ્રહધારિને દીક્ષા કેવી રીતે મનાય ? તેનો જવાબ એ છે કે માત્ર વસ્ત્ર રાખવું તેનું નામ પરિગ્રહ કહી શકાયજ નહિ. પણ વસ્ત્રની ઉપર જો મૂર્છા હોય, તોજ પરિગ્રહ કહી શકાય. એટલે મૂર્છા–આસક્તિ–મારાપણું તેજ પરિગ્રહ કહેવાય છે. આ બાબત જુઓ શાસ્ત્રીય પૂરાવો **न सो परिग्गहो वुत्तो, नायपुत्तेण ताइणा । मुच्छा परिग्गहो वुत्तो इइ वुत्तं महेसिणा ॥१॥** એજ હેતુથી વસ્ત્રાદિ હોય, છતાં જો મમતા ન હોય, તો પરિગ્રહ ન જ કહેવાય. આવા શાસ્ત્રીય રહસ્યના અજાણપણાને લઇને જ તેઓ એમ પણ કહે છે કે સ્ત્રી મુક્તિપદ ન પામે. કારણ તેણીને વસ્ત્ર રાખ્યા વિના ન ચાલે, અને રાખેતો પરિગ્રહ કહેવાય. તેઓનું આ વચન ગેરવ્યાજબી છે. કારણ મોક્ષના ત્રણ કારણો જે નિર્મલ દર્શન–જ્ઞાન અને ચારિત્ર આ ત્રણેની આરાધના જેમ પુરૂષ કરી શકે, તેમ સ્ત્રી પણ કરી શકે છે. જેમ પુરૂષ તે કારણોની આરાધના કરીને મુક્તિપદ મેળવે છે તેમ સ્ત્રી પણ મોક્ષપદ મેળવી શકે છે. દિગંબરોને એ પણ જવાબ આપવો પડશે કે જો સ્ત્રી મુક્તિપદ પામવાને લાયક ન હોય, તો પંદર પ્રકારના સિદ્ધોમાં સ્ત્રીલિંગ સિદ્ધ કયા કારણથી કહ્યા ?. પ્રાય: દરેક તીર્થંકર ભગવંતોનો સાધુ આદિ પરિવાર વિચારીએ તો માલુમ પડશે કે જેટલા સાધુઓ સિદ્ધિપદને પામ્યા તેના કરતાં બમણી સ્ત્રીઓ (સાધ્વીઓ) સિદ્ધિપદને પામી, એમ કહેલ છે.

"**तहविहु जुत्ताजुत्ती, जम्हादीसइ अणुत्तवं वीरियं । धम्मविसयंमि तासिं, तहातहा उज्जुमंतीणं ॥६२॥ किं बहुणा सिद्धमिणं, लोए लोउत्तरेऽवि नारीणं । नियनिय धम्मायरणं, पुरिसेहिंतो विसेसेणं ॥६३॥ सुहभाव भाविणीओ, दाणदया सीलसंजमधरीओ, सुत्तस्सप्पमाणत्ता, लहंति मुत्तिं सुनारीओ ॥६४॥**

આ બાબત વધારે હકીકત પ્રજ્ઞાપના ટીકા ઉત્તરાધ્યયન પઈટીકા, રત્નાકરાવતારિકા, વિચારરત્નાકર વિગેરેમાં

જણાવેલ છે. ચાલુ પ્રસંગમાં એ સમજવું કે જે વસ્ત્ર વિગેરે રાખે છતાં વસ્ત્રાદિ-સંબંધિ મમતારહિત સ્ત્રી પણ નિર્મલ સંયમરૂપ મુક્તિ માર્ગની આરાધક છે, તો પછી ઇંદ્રે સ્થાપન કરેલા દેવદૂષ્ય વસ્ત્રવાળા છતાં તેના ઉપર મમતા નહિં હોવાથી નિષ્પરિગ્રહ એવા અરિહંત પ્રભુ નિર્મલસંયમના આરાધક કેમ ન કહેવાય? અર્થાત્ આરાધક જ છે. માટે પરિગ્રહના સ્વરૂપને સમજનાર વિજ્ઞપુરૂષને પરિગ્રહ-ધારિને દીક્ષા કેવી રીતે મનાય? આવી શંકા જ ન ઉદ્ભવે.

અરિહંત પ્રભુને દીક્ષા લીધા પહેલા ચોથું ગુણસ્થાનક હોય અને પછી સાતમું ગુણસ્થાનક હોય છે. અને ત્રણ પ્રકારના સમ્યક્ત્વો પૈકી નિર્મલ પ્રાયે ક્ષાયિક દર્શન હોય છે. તથા સત્તામાં ૧૩૮ પ્રકૃતિયો હોય છે. અરિહંત પ્રભુ સોનું અને પત્થરમાં તથા શત્રુ અને મિત્રમાં સમાન ભાવ રાખીને પૃથ્વીતલ ઉપર વિચરે છે. અને પરીષહના પ્રસંગે ધર્મધ્યાનની વારંવાર વિચારણા કરે છે. મેરૂપર્વતના જેવા નિશ્ચલ અને નવા નવા અભિગ્રહોને ધારણ કરનાર પ્રભુજી શત્રુને શિક્ષા કરવાને સમર્થ છતાં અનેક ઉપસર્ગોને સમતાથી સહન કરે છે. માટે શાસ્ત્રમાં કલ્પવૃક્ષ સમાન કહ્યા છે. દરેક દ્રવ્ય અરિહંત પ્રભુનો છદ્મસ્થકાલ એક સરખો નથી હોતો. કારણ સપ્તતિશતસ્થાનકમાં ઓછો વધતો દર્શાવેલ છે.

હવે અનંત ચતુષ્ટય મેલવવા માટે તૈયાર થયેલા-શુકલલેશ્યાવંત અને અપ્રતિપાતિ વિપુલમતિ મનઃપર્યવજ્ઞાની એવા દ્રવ્ય અરિહંત પ્રભુ સકલકર્મોમાં મુખ્ય એવા મોહનો ક્ષય કરવા માટે જ્યારે ક્ષપકશ્રેણિની શરૂઆત કરે. ત્યારે શુકલધ્યાનનો પૃથકત્વવિતર્ક સપ્રવિચાર નામે પ્રથમભેદ ધ્યાવે છે. (આ ભેદ આઠમા ગુણસ્થાનથી ૧૧મા ગુણસ્થાનક સુધી સંભવે) એ ભેદના પસાયથી આઠમા અપૂર્વકરણ ગુણસ્થાને ૧ સ્થિતિઘાત. ૨ રસઘાત. ૩ ગુણશ્રેણી. ૪ ગુણસંક્રમ. ૫ અભિનવબંધ. આ પાંચ વાનાં કરી નવમે ગુણસ્થાનકે ૨ નરકદ્વિક, ૨ તિર્યંચદ્વિક, ૨ આતપદ્વિક, ૨ સ્થાવરદ્વિક, સ્ત્યાન૦ ૩ એકેં૦, વિકલેં૦ ૩, સાધા૦, ૮ મધ્યકષાય, નપું૦, સ્ત્રી૦, હાસ્યાદિ ૬, પુ૦ વેદ, સંજ્વ૦ ક્રોધાદિ ૩. એમ મોહની ૨૦ અને નામની ૧૬ ભેગી કરતાં છત્રીશ પ્રકૃતિયોનો ક્ષય કરે છે. પછી દશમે ગુણસ્થાનકે સંજ્વ૦ લોભનો ક્ષય કરે. અહીં પ્રભુજી ક્ષાયિકભાવના સૂક્ષ્મસંપરાય ચારિત્રને પામે છે. પછી બારમે ગુણસ્થાનકે જઈ વિસામો લે. કારણ મોહનો ક્ષય કરતાં ઘણો પરિશ્રમ લાગે છે. જેમ દુર્જય શત્રુઓને જીતીને સેનાધિપતિ વિસામો લે છે, તેમ અહીં પણ પ્રભુદેવ બારમાગુણસ્થાનકનો ઉપાન્ત્ય સમય આવે ત્યાં સુધી વિસામો લે છે. તે ટાઈમમાં એક પણ પ્રકૃતિને ખપાવતા નથી. અહીં શુકલધ્યાનનો બીજો પાયો ધ્યાવે. જ્યારે ઉપાન્ત્ય સમય આવે તે વખતે નિદ્રા અને પ્રચલા આ બે પ્રકૃતિનો ક્ષય કરે છે. (આ પ્રસંગે આવશ્યકસૂત્રની નિર્યુક્તિને અનુસરતી મોટી ટીકામાં એમ પણ કહેલ છે. જે

તેરમે ગુણઠાણે તીર્થંકર ન થયા હોય તે અહીં તીર્થંકર નામનો પણ ક્ષય કરે. ત્યાં દેવદ્વિક વિગેરે પ્રકૃતિયો કે-જે કર્મગ્રંથાદિને અનુસારે આગળ ક્ષય પામવાની છે. તે પણ બારમા ગુણઠાણાના ઉપાન્ત્ય સમયે ક્ષય પામે એમ કહેલ છે.) અરિહંત પ્રભુને બારમે ગુણઠાણે ક્ષાયિકભાવનું યથાખ્યાત ચારિત્ર પ્રકટે છે. તે પ્રભુ અહીં છેલ્લે સમયે જ્ઞાન૦ ૫ દર્શના૦ ૪ અંતરા૦ ૫ આ ચઉદ પ્રકૃતિયોનો ક્ષય કરે છે ત્યારે બીજો ભેદ ધ્યાવી રહે અમ બે ભેદો ધ્યાયા અને બેભેદો ધ્યાવાના છે. એવા ધ્યાનાન્તરીય કાલમાં કેવલજ્ઞાન પામે છે. આ નિશ્ચય નયનો વિચાર છે. તેરમે ગુણઠાણે કેવલ-જ્ઞાન પ્રકટે એમ વ્યવહારનય કહે છે અહીં પુરાવો જુઓ વિશેષાવશ્યક ભાષ્યનો **आवरणक्खयसमये, निच्छइयनयस्स केव-केवलुप्पत्ती । तत्तोऽणंतरसमए, ववहारो केवलं भणइ ॥१॥** કેવલજ્ઞાન પ્રકટ થયા પછી અરિહંત પ્રભુ કેવલી કહેવાય છે તે પ્રભુ ૧૩મે ગુણઠાણે એકજ શાતા-વેદનીય કર્મ બાંધે છે. બીજા કર્મો ન બંધાય, કારણ કષાયનો ક્ષય કરેલ છે. તે કર્મનો રસ અનુત્તર વિમાનવાસિ દેવોના સુખથી પણ વધારે સુખ આપે છે. તેની સ્થિતિ બે સમયની હોય છે. એમ આચારાંગ સૂત્રના બીજા અધ્યયના પહેલા ઉદ્દેશામાં કહેલ છે. તથા અરિહંતપ્રભુને ઉદયમાં ચાર અઘાતિ (વેદનીય-આયુ-નામ-ગોત્ર) કર્મો હોય છે. અહીં તીર્થંકર નામકર્મનો ઉદય થાય કે જેથી સમવ-સરણમાં બેસી દેશના આપે વિગેરે પહેલાં કહેલુંજ છે. અને સત્તામાં ૪ મૂલ પ્રકૃતિયો અને ૮૫ ઉત્તર પ્રકૃતિયો હોય છે. તે કર્મો જીર્ણ થયેલા વસ્ત્ર જેવા સમજવા. અહીં દિગંબર લોકો એમ કહે છે કે પ્રભુને કર્મો બળેલી દોરડી જેવા બાકી રહેલા હોવાથી આહાર ન કરે તે વ્યાજબી નથી. કારણ આચારાંગમાં સમુદ્‌ઘાત કર્યા પછી કર્મોની અવસ્થા બળેલી દોરડીના જેવી કહી છે. તે પહે-લાંતો જીર્ણ થયેલા લુગડા જેવી કર્મોની અવસ્થા હોય છે. એમ ગુણસ્થાનક ક્રમા-રોહમાં પણ કહેલ છે. કેવલિ અરિહંત પ્રભુ આહાર કરે કે નહિ ? એનો જવાબ એ છે કે આહારપર્યાપ્તિ નામકર્મ અને અસાતાવેદનીય એ બે કર્મોના ઉદયથી ભૂખ અને તરસ લાગે. પ્રભુએ તે કર્મોનો ક્ષય કર્યો નથી. માટે તે બંનેના ઉદયથી પણ પ્રભુ કવલાહાર કરે. એમ સૂયગડાંગ સૂત્રમાં અને અધ્યાત્મમતપરીક્ષામાં કહેલ છે. બીજું અહીં એ સમજવાનું છે કે-કેવલિ.

અપૂર્ણ

# ત્રણ વસ્તુનો અજબ ચમત્કાર

[ લેખકઃ—કવિરાજ-બાલચંદ એમ. પંડિત. ]

( ગતાંક પૃષ્ઠ ૧૫૮ થી અનુસંધાન )

(૨૩૧) જગતમાં ઉત્કૃષ્ટ પ્રકારનાં રત્નો ત્રણ છેઃ-(૧) જ્ઞાન (૨) દર્શન અને (૩) ચારિત્ર.

(૨૩૨) જગતમાં મધ્યમ પ્રકારનાં રત્નો ત્રણ છેઃ-(૧) અન્ન (૨) જલ અને (૩) સુભાષિતમ્ (અર્થાત મીઠી મધુર વાણી.)

(૨૩૩) જગતમાં જઘન્ય પ્રકારનાં રત્નો ત્રણ છેઃ-(૧) હીરા (૨) માણેક અને (૩) મોતી.

(૨૩૪) મોક્ષ મેળવવાના સરલ માર્ગ ત્રણ પ્રકારે છેઃ-(૧) રત્નત્રય (૨) સંવર ને (૩) નિર્જરા.

(૨૩૫) શ્રીસિદ્ધસેન દીવાકરને વૃદ્ધ વાદીદેવસૂરીએ વાદવિવાદમાં ભરવાડોને નીચેની ત્રણ સુંદર શીખામણો આપીને હરાવ્યા હતાઃ-(૧) નવિ મારીએ (૨) નવિ ચોરીએ (૩) પરદારા નવિ સેવીયે.

(૨૩૬) સંત કવિ તુલસીદાસજી આત્મ કલ્યાણના ત્રણ રસ્તા બતાવે છેઃ- "સત્ય વચન અરૂ દીનતા (નમ્રતા), પર સ્ત્રી માત સમાન ઇત્તાકર હરિ ના મીલે તો 'તુલસીદાસ' જમાન.

(૨૩૭) ત્રિલોકના નાથ એવા વિશ્વ વંદ્ય પ્રભુ મહાવીરદેવે ગૌતમ સ્વામીને નીચેની ત્રિપદી કહી છે જે ઉપરથી તમામ આગમો રચાયાં છેઃ-(૧) **ઉપંન્નેઇવા** અર્થાત ઉત્પન્ન થવું (૨) **ધુવેઈવા** અર્થાત સ્થિર થવું અને (૩) વિગમેઈ વા અર્થાત નાશ પામવું.

(૨૩૮) ત્રણ ધનુષ્યો અતિ પ્રખ્યાત છેઃ-(૧) ઇંદ્રે અર્જુનને આપેલું એવું **ગાંડીવ** ધનુષ્ય. (૨) સૂર્યે કર્ણને આપેલું એવું **કાલપૃષ્ઠ** ધનુષ્ય અને (૩) ગુરૂ દત્તાત્રયે શ્રીકૃષ્ણને આપેલું એવું **સારંગ** ધનુષ્ય.

(૨૩૯) જૈન શાસનમાં મોટામાં મોટા આચાર્યોમાં મૂખ્ય ત્રણ ઘણા પ્રખ્યાત થયા છેઃ-(૧) મહારાજા કુમારપાલને ચૂસ્ત જૈન બનાવનાર એવા કલિકાલ સર્વજ્ઞ બિરૂદધારી ભગવાન **હેમચંદ્રાચાર્યજી** મહારાજ (૨) બાદશાહ અકબરને પ્રબોધી જીવ હિંસા બંધ કરાવનાર એવા મહાન જગતગુરૂ **હીરવિજયસૂરીજી** મહારાજ અને (૩) શક સંવત પ્રવર્તક મહારાજા શાલીવાહન પ્રબોધક એવા સત્યાગ્રહી કાલિકાચાર્યજી મહારાજ.

(૨૪૦) ગાંધીજીને ત્રણ વસ્તુ અતિ પ્રિય છેઃ-(૧) બાળક (૨) રેંટીયો અને (૩) મૂક્ત હાસ્ય.

(૨૪૧) બાળક આપણને ત્રણ વસ્તુ શીખવાડે છેઃ—(૧) મારા જેવા આનંદી બનો અને તમારાં તમામ દુઃખ દર્દોને દફનાવતાં શીખો. (૨) મારા જેવા નિખાલસ હૃદયના બનો તો તમે દરેકના પ્રીતિપાત્ર થઇ શકશો અને (૩) મારા

જેવા સમ દૃષ્ટિવાળા બનો અર્થાત્ મિત્રમાં અને દુશ્મનમાં સોનામાં અને માટીના ઢેફામાં તથા સાપમાં અને પુષ્પમાં સમાન ભાવ રાખો એટલેકે રાગદ્વેષને છોડી અને વિશાલ હૃદયવાળા બની દરેકનો આત્મા પોતાના આત્મા બરોબર છે એમ માની જીવ માત્ર ઉપર પ્રેમભાવ ધારણ કરો.

(૨૪૨) સ્ત્રીઓનાં મૂખ્ય આભૂષણો ત્રણ છેઃ-(૧) ચોટલો (૨) ચાંડલો (૩) ચૂડલો. (અર્થાત્ ચુડી કે બંગડી).

(૨૪૩) નાનાં બચ્ચાંઓને ત્રણ વસ્તુ બહુ પ્રિય હોય છેઃ-(૧) ખાવું (૨) પીવુ અને (૩) ખેલવું.

(૨૪૪) મોટા માણસોને પ્રાયે ત્રણ વસ્તુ બહુ પ્રિય હોય છેઃ— (૧) પૈસો (૨) પદ્મિની (સુંદર સ્ત્રી) અને (૩) પ્રતિષ્ટા (અર્થાત્ સારી કીર્તિ)

(૨૪૫) પ્રખ્યાત જૈન તીર્થ પાનસરજીનાં ત્રણ વખાણવા લાયક છે (૧) પાનસરજીનાં ક્ષયહર-સુંદર આરોગ્ય વર્ધક ઉત્તમ હવાપાણી (૨) શાંત, એકાંતરમ્ય સ્થળ અને (૩) પાનસરજીની પેઢીનો કુશળ વહીવટ.

(૨૪૬) દરેક જૈન તીર્થો અને ધર્મશાળાઓના મુનીમો તથા બીજા નોકર ચાકરોએ યાત્રીઓનાં સુખસગવડ સાચવવા માટે મૂખ્ય ત્રણ વસ્તુઓ પોતાના જીવનમાં કેળવવાની ખાસ જરૂર છે. (૧) વિવેક (૨) વાણીની મીઠાશ અને (૩) પુરતી પ્રમાણિકતા.

(૨૪૭) બ્રિટીશહિન્દ સંબંધી ત્રણ કોર્ટો મૂખ્ય છેઃ-(૧) હાઇકોર્ટ (૨) ફેડરલ કોર્ટ અને (૩) ઇંગ્લાંડમાં પ્રીવી કૌંસીલ.

(૨૪૮) બ્રહ્મચર્ય પાળવાના ત્રણ ફાયદા છેઃ- (૧) શક્તિ-સ્ફુર્તિ અને કાંતિ વધે. (૨) આયુષ્ય સુખ શાંતિમાં પસાર થાય અને (૩) આત્મતેજ પ્રગટે.

(૨૪૯) હાલની કેળવણીના મૂખ્ય ગેરફાયદાઓ ત્રણ છેઃ-(૧) તનથી અને મનથી આજની કેળવણીએ નિર્માલ્ય બનાવ્યા. (૨) પશ્ચિમની અક્કલ વગરની નક્કલમાં લટ્ટુ બનાવ્યા અને (૩) સૌથી વધારેમાં વધારે શ્રાપ સમાનતો એ છે કે આજની કેળવણીથી લોકો પરદેશીઓના ગુલામ બન્યા અને પોતાનું સત્વ ભૂલી ગયા ! ! અર્થાત આશીર્વાદ સમાન એવી આપણી સર્વશ્રેષ્ઠ આર્ય સંસ્કૃતિને તિલાંજલિ આપી ફેશન અને પોજિશનમાં અકચૂર બની ગયા ! !

(૨૫૦) સ્વરાજ્યથી ત્રણ ફાયદા મૂખ્યત્વે થાયઃ- (૧) હાલમાં લોકોમાં કાળોકેર વર્તાવી રહેલો એવો ભયંકર ભૂખમરો તેમજ બેકારી નાબુદ થાય, (૨) દેશમાં રીદ્ધિસિદ્ધિ વધે અને (૩) લોકોનાં જીવન ફરી પાછાં ધર્મમય અને નીતિમય બને.

(૨૫૧) દુર્જન માણસનાં મૂખ્ય ત્રણ લક્ષણો છેઃ-(૧) દંભી હોય (૨) દુરાચારી હોય અને (૩) દયા રહિત હોય. (ક્રૂર હોય.)

(૨૫૨) સતીનાં ત્રણ લક્ષણઃ-(૧) પતિવ્રત્તા હોય (૨) સંતોષી હોઇ ન્યાયનીતિથી વર્તનારી હોય અને (૩) અતીથિ સત્કાર કરવામાં તત્પર હોય.

(૨૫૩) શંખણીનાં ત્રણ લક્ષણ:-(૧) લટક, મટક અને ચટકમાં ચાલાક હોય. (૨) પતિ સાથે અને આડાશી-પાડોશી સાથે કજીયા કંકાસ કરવામાં શૂરીપૂરી હોય અને (૩) નીતિભ્રષ્ટ જીવન જીવનારી એવી જીવતી જાગતી બલા હોય !

(૨૫૪) શેતાની સટ્ટાથી મૂખ્ય ત્રણ વસ્તુ બને:-(૧) હાલ બેહાલ થાય (૨) જાનમાલ અને આબરૂ પણ ભય અને (૩) મગજ 'હાફમેડ' જેવું બની જાય !

(૨૫૫) સત્સંગ કરવાથી ત્રણ મૂખ્ય ફાયદાઓ થાય છે:- (૧) 'હું અને મારા પણાનું' અભિમાન છુટી હૃદયમાં વૈરાગ્ય-ભાવના જાગૃત થાય છે (૨) જીવમાત્ર ઉપર સત્સંગના પ્રતાપથી પ્રેમ, દયા અને અનુકંપા પ્રગટ થાય છે અને (૩) ત્રીજું પાપીમાં પાપી તથા અધમમાં અધમ માણસ પણ મહાન સત્સંગના પ્રતાપથી પ્રશ્ચાતાપ કરી શુદ્ધ બની સંસારસાગર સહેલાઈથી તરી શકે છે.

---

# જૈન જ્યોતિષ સંબંધી કાંઇક

લે. મુનિશ્રી આણંદવિજયજી મ. મહેસાણા [ઉ. ગુજરાત]

અષાડ માટે રાશી પરત્વે તેમ અષાઢી વર્ષ લગતું લખીશ. જેને જેટલું રૂચે તે ગ્રહણ કરવું. અશાડમાસમાં વદી ૦)) સુર્ય-ગ્રહણ બહુજ કષ્ટફળ દેનાર છે. કર્ક-રાશીપર પાંચગ્રહો ભેગા થતા હોવાથી તેમજ તે રાશી યુદ્ધથી હણાતી હોવાથી વરસાદની ઠેરઠેર ખેંચ રાખશે, ખેડુતોની નારાજી પારવિનાની રહેશે. નિરૂપયોગી જગા એટલે પહાડ-દરીયો અને રણોમાં વરસાદ બહુ પડશે. દેખાવ દઇ ચાલ્યો જશે તેમ દરીયાઈ યુદ્ધ બહુ જોરમાં ચાલશે, તેમાં પણ નાના દરીયા એટલે અખાતો જેવાકે બંગાળાનો અખાત વિગેરેમાં યુદ્ધનું તોફાન વધશે અને તે એટલે દરજ્જે કે પરિણામ નજીક લાવી મુકશે આ ગ્રહણ સોળ દીવસ પહેલાંથી એટલે અશાડ સુદી ૧૪થી અસર કરશે પાછળ સાડા પાંચ માસ પીડશે. પ્રથમ ઘણા બજારોમાં મંદીના સારા ગગડાટ લાવી મુકશે, બાદ જે જે બઝારોના સ્વામીગ્રહો તેજી કારક હશે તેને ડબલ ઉપાડશે તેમજ મંદી કારક ગ્રહો ફક્ત તેજીજ રોકશે પણ મંદી નહી કરી શકે. આ ગ્રહણ કન્યા-તુલા-કુંભ અને મિથુનને લાભકારી નીવડશે, વૃશ્ચિક-મીન-મેષ અને વૃષભને મધ્યમ પ્રકારે સરખા સુખવાળું નીવડશે તથા ધન-મકર-કર્ક અને સિંહને કનિષ્ટ ફળ દેશે. છતાં માસ માટે ગ્રહણ સારૂં કોઇએ માની ઠગાવું નહી. સુર્ય તે આત્મા છે અને તેને થયેલ પીડા સર્વ વ્યાપીજ હોય માટે જૈનોએ ગ્રહણના આગલા દીવસે સ્નાત્ર-પૂજા જરૂર કરાવવી અથવા કલ્પસૂત્રમાંથી 'ૐ સૂર્યાસી'નો મંત્ર ૧૦૦૮વાર જપી-લેવો. જેથી ભારે શાંતિકારક રહે.

**મેષરાશિવાળાને**-આ માસ સ્થા-

નની અદલાબદલી કરનાર, મિત્ર ભાગીદારમાં ખટપટ કરાવનાર, શરીરે સારૂં રાખનાર, હિંમત બક્ષનાર, છેવટે પાતાલમાંથી પણ પોતાનું કાર્ય સિદ્ધ કરનાર અને સ્ત્રી બદલ ચિંતા ધરાવનાર નીવડશે.

**વૃષભરાશિવાળાને**–મૂઢ દશામાં રાખનાર, અમદાવાદમાં જન્મેલ રીચીરોડ પર ભૂલો પડે તેવી નબળી દશામાં રાખનાર, ધારેલા કાર્યોમાં નીરાશા રખાવનાર, તેમજ ધનની સારી છુટ તથા કુટુંબમાં મહત્વ આપનાર નીવડશે.

**મિથુન રાશિવાળાને**–શરીરે રૂષ્ટ પૂષ્ટ રાખે, વાતોમાં સારો રસ લાવે, સ્ત્રીથી સંતોષ રહે, જાહેર કામોમાં પ્રવૃત્તિ રહે, રાજદ્વારમાં માન મેળવે, તેમ વેપારમાં લાભ થાય.

**કર્કરાશિવાળાને**–સારે માગે તેમ અવળે માર્ગે ખરચ થાય, મન ભયગ્રસ્ત રહ્યા કરે, ઘેટો વાઘ જુવે તેમ ડરપોક પ્રકૃતિ રહે, છતાં ધન કુટુંબથી સંતોષ રહે.

**સિંહરાશિવાળાને**-માસના અંતમાં સારો તડાકો પડે, સારા તથા નરસાં કામમાં પણ યશ મેળવે; કંઇક વાદવિવાદમાં પડવું પડે; ગુપ્તશત્રુથી ચેતતા રહેવું શરીર સહેજ નબળું રહે, પણ રોગ ન હોય તેવો માસ છે.

**કન્યારાશિવાળાને**–માન—પાન–સારૂં. કોઇનો વારસો કે અણધારી લક્ષ્મી મળે, કોર્ટ દરબારમાં જીત મળે, મન હર્ષમા રહે. નિદ્રા સારી આવે, શરીરે સાતા રહે.

**તુલા રાશિવાળાને**–ધર્મધ્યાનમાં ચિત્ત રહે, પણ વિઘ્ન ઉપરાસાપરી આવે, તેથી ચિત્ત ચંચળ રહે, ધર્મ થાય નહીં, કામપર ચિત્ત લાગે નહિ, ચારે બાજુ નીરાશા રહે, લગભગ બળેવલગી આ રાશિવાળાએ શાંતિથી દીવસ કાઢવા, પછી સારૂં થવા માંડેજ.

**વૃશ્ચિક રાશિવાળાને**–મરણ તથા મંદવાડ અથવા અપયશ અથવા કુટુંબ સંબંધી ચિંતાથી પોતાને જીવતા મુવા બરાબર જોવે, તે રાશીવાળાએ અશાડમાસ બહુ શાંતિપૂર્વક સંભાળી કાઢવો.

**ધનરાશિવાળાને**–દોરદમામનો પાર નહિ, પણ ખીસુ જરા તંગ રહે, પેટમાં કાંઇક દરદ થવા સંભવ, શરદીના રોગ થવા સંભવ છતાં ઇજતઆબરૂ વધવાનાં કારણો જડી આવે, અને બહાર પડે.

**મકરરાશિવાળાને**–ગુપ્ત રોગ શરૂ થવા સંભવ છે, ચિત્ત–મુઢ દશામાં રહે, કાંઇક બુદ્ધિ ઉપર આવરણ રહે, છતાં પોતાનાં કાર્યો પાર પાડે.

**કુંભરાશિવાળાને**–બુદ્ધિથીજ કમાવાનું છે. શરીર પણ ઠીક રહે, સ્ત્રીથી અગર પરદેશથી લાભ થાય, કદાચ યાત્રાદીનો લાભ થાય. જાહેર કામોમાં ઝુકાવાનું મન થાય, અને તેમાં સહાય પણ મળે, માસ સારો છે.

**મીન રાશિવાળાને**–કલેશકારી છે, કજીયા ટંટા વધતા ચાલે, માનસિક ભય વધી પડે, કંજુસાઇ વધે. તેણે તો ધર્મમાંજ પ્રવૃત્તિ રાખવી.

# તિથિચર્ચાના નિર્ણયમાં ઘાલમેલને સૂચવતો પકડાયેલ પૂનાવાળો પત્ર.

શાસનના સદ્ભાગ્યે એક શાસન રસિક વ્યક્તિના હાથમાં મોહનલાલ સખારામનો આ. રામસૂરિજી ઉપર લખાયેલ કાગળ એક સ્થળે રામસૂરિએ વાંચી મુકી દીધેલ મલી આવ્યો અને તેમણે આચાર્યદેવેશ શ્રી. સાગરાનંદસૂરીશ્વરજી ઉપર મોકલી આપ્યો તેનો બ્લોક આ સાથે નીચે આપવામાં આવ્યો છે.


Vardhaman & Co.
Wholesale & Retail Tea Merchants.
179 Budhwar, Near Belbay. Poona 2.
वर्धमान आणि कंपनी.
होलसेल ॲन्ड रिटेल टी मर्चंटस्.
१७९ बुधवार, बेलबागेजवळ, पुना सिटी.
To,
No.
Date 3-2-1948.

પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય આચાર્ય મહારાજ શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ-ની પવિત્ર સેવામાં --

મુ. અમદાવાદ

આ હસ્તાક્ષરનો કાગલ મોહનલાલ સખારામે પ. પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી ઉપર ટાઈપ કરેલ કાગલ લખ્યો તેની પાછળ શું આશય અને ષડ્યંત્ર હતાં તે વસ્તુ આ કાગળથી આપણને સ્પષ્ટ માલુમ પડે છે. "બીજુ આ પત્રની સાથે ટાઈપ કરેલો જે પત્ર મોકલ્યો છે તે પત્ર." આ લખીને મોહનલાલ જણાવે છે કે આપણી વચ્ચે નક્કી થયા મુજબ મેં તેનો અમલ કર્યો છે. અને આ ટાઈપ કરેલ નક્કલ બીડી છે. આ ટાઈપ કરેલ નક્કલ બીડવાથી રામસૂરિને ખાત્રી થાય કે મારા કહેવા પ્રમાણે




અમલ થયો છે. ટાઇપ કરેલો કાગળ રામસૂરિજી અને તેમના ભક્તોએ ઘણુા વિચાર બાદ મોહનલાલ પાસે લખાવ્યો હતો અને કયાં કયાં મોકલવો તે પણુ તેમણે નકકી કર્યું હતું અને તે મુજબ મોહનલાલે અમલ કરી આ. રામસૂરિજીને જણુાવી વાકેફગાર રાખ્યા છે. ટાઇપ કરેલા કાગળમાં માણુસની જગ્યા ખાલી રાખી હતી તે જગ્યામાં કયો માણુસ છે તે પોતાના મહારાજથી છુપું ન રખાય માટે ત્યાં ભુરાલાલનું નામ મુકયું અને સાથે ઓળખ માટે જણુાવ્યું કે "જેને વિષે આપશ્રીને અગાઉ જણાવી ચુકયો છું'' અર્થાત્ ટુંકમાં જે કાંઇ લખ્યું છે તે આપના કહેવા મુજબજ આપને વાકેફગાર રાખી કર્યું છે.

૨. આ કાગલમાં મોહનલાલ જણાવે છે કે–ભુરાલાલની જે બીના તમને જણાવી છે તે બીના મારે આ ટાઇપ કરેલા કાગલમાં જણાવવાની મરજી હતી, મારે બીજી પણ વિગતો ટાઇપ કરેલા કાગલમાં લખવાની હતી. પરંતુ તમારી ઈચ્છા મુજબ વૈદ્યને બધી બાબતમાં સામેલ રાખવાની હોવાથી અને વૈદ્ય હાજર ન હોવાથી અને બીજી ઉમેરવાની વસ્તુમાં મેં તેમની સલાહ નહી લીધેલી હોવાથી આટલું લખ્યું છે, વધુ લખવું હશે તો વૈદ્યના આવ્યા પછી વાત.

આ કાગલ એ સ્પષ્ટ કરે છે કે–ટાઈપ કરેલો કાગલ આપના જણાવ્યા મુજબની સૂચના મુજબ લખ્યો છે અને અમલ કર્યો છે. તેના લખાણુની વિગત

પણ આપની સૂચના પ્રમાણે વૈદ્યને સંમત કરી છે. ટુંકમાં હું જે કાંઇપણ પ્રવૃત્તિ કરું છું તે આપ અને વૈદ્યની સલાહ સૂચના અનુસાર કરૂં છું.

આ પત્રનો બીજો પેરેગ્રાફ સ્પષ્ટ જણાવે છે કે વૈદ્ય પોતાના ઉપર આવતા તટસ્થ તુલ્યાના પત્રોથી કંટાળી કે આપણાથી ત્રાસી તો નથી ગયા ને ? તે વાતનું તેમાં સમાધાન છે. તેમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે વૈદ્ય ઉપર આવતા બધા કાગલથી આપણે પરિચિત રહીએ છીએ અને તે કંટાળે નહિ અને પ્રોત્સાહન પામે તેવું રાખીએ છીએ અને કોણુ કોણુ કાગળો લખે છે તેની વિગત મેળવીએ છીએ.

આ કાગલ સ્પષ્ટ કરે છે કે "વૈદ્યની તટસ્થતા તુટીજ છે" કારણુ કે ૧ કોને કેમ કાગલ લખવા તેમાં વૈદ્યની સલાહ લેવામાં આવે છે. ૨ વૈદ્ય પોતાની ટપાલ નવા પક્ષને બતાવે છે અને નવો પક્ષ તેથી વાકેફગાર રહે છે. ૩ કયા માણુસને કેમ હલાલ કરવો તે નક્કી કરી તેમાં વૈદ્યને ભેળવવામાં આવે છે અને ભળે છે.

આથી સહજ પણ સમજ ધરાવનાર મનુષ્ય સહેજે સમજી શકશે કે–તિથિચર્ચાના લવાદ વૈદ્ય, રામસૂરિજી અને તેમના ભક્તોના ભેદી હાથોમાં રમી જઈ આ નિર્ણય રામસૂરિએ લખી આપ્યા મુજબ બહાર પાડયો છે. મોડે મોડે પણ શાસનના સદ્‌ભાગ્યે તેઓના હાથેજ તેમના પાપનો ઘડો ફુટયો છે તે આનંદની વાત છે.

## આચાર્ય ક્ષમાભદ્રસૂરીશ્વરજી મહારાજનો સ્વર્ગવાસ

પૂ. આચાર્ય ક્ષમાભદ્રસૂરીશ્વરજી મહારાજ વ્યારણુ સાહિત્ય અને જ્યોતિષના સારા અભ્યાસી હતા. પૂ. અમીવિજયજી મહારાજના કાલધર્મ પછી શરૂઆતમાં પાટણુ સાગરના ઉપાશ્રયે ચાતુર્માસ કરેલ અને ત્યાર પછી પોતાના ખુબજ ખંતથી તેમણે પોતાનો અભ્યાસ સારો વધાર્યો હતો. આચાર્ય મહારાજ વિદ્યાવ્યાસંગી, સરળ પરિણામી અને સત્સંગી પુરૂષ હતા. તેઓશ્રી હૃદયબંધ થવાથી કાલધર્મ પામ્યા છે. અમો સ્વર્ગસ્થઆચાર્યદેવના આત્માની શાંતિ ઈચ્છીએ છીએ.

## પધારો આ. રામસૂરિજી મહારાજ !

લે. સુમર્શ

આજે રાજનગરને આંગણે પધારે છે અભૂતપૂર્વસૂરિજી તેમનું સામૈયું તેમના ભક્તોને મન અભૂતપૂર્વ છે કારણકે તેમનું કાર્ય અભૂતપૂર્વ છે.

નાનાશો તેમનો દેહ છે. ફુલંગભરની તેમની ચાલ, તમન્ના, અને વિચારો છે. દેહને કદરૂપ બનાવતા અને મુનિપણામાં લોચાદિ કષ્ટ આપતા શિરોજ (વાળ)થી રહિત છે મુખારવિંદ અને હજારોના ટોળામાં ચકચકભરી શોધવા યોગ્યને શોધનાર અપાર નજર નાખનાર તેજસ્વી છે તેમના નયન. આનંદ શોક અને વિકટ પ્રસંગે પણ હૃદયના ભાવને છૂપાવી હસી વાત કરવાની અને કુશળતા ભર્યો મુખભાવ પ્રગટ કરવાની અપૂર્વ છે તેમની શક્તિ.

ગુરૂ અને દાદાગુરૂથી સેંકડો ગણો છે તેમનો ભક્તગણ. બહોળો છે શિષ્ય સમુદાય. ગુરૂ દાદા ગુરૂ અને તેમના ગુરૂ ન કરી શકયા તે તેમણે કર્યું છે. તો તેમનું સ્વાગત કેમ સેંકડોગણું ન હોય.

યોગોદ્વહન વિના આચાર્યપદ, અસજ્ઝાયના દિવસોમાં આચાર્યપદ વિગેરે તેમના ગુરૂના પરાક્રમ છે. આ બધા પરાક્રમોને ટપાવી દે તેવું હજારો વર્ષમાં ન થયેલ ૧૧–૧૩ પર્વનું વિધાન કરનારૂં સેંકડોગણું છે તેમનું પરાક્રમ. ગુરૂ અને દાદાગુરૂ કે શાસનની દરકાર કર્યા વિના તેમનેજ માનનાર સ્વપક્ષધર તૈયાર કર્યો છે તેમણે તેમનો ચતુર્વિધ સંઘ. આ ચતુર્વિધ સંઘનું સમકિત એટલે તેમની માન્યતાની જીહા. નથી તેમાં ભગવંતના શાસનને સ્થાન કે નથી તેમાં પૂર્વાચાર્યોને સ્થાન.

કૃષ્ણ કનૈયે મોરલીથી મુગ્ધ બનાવી ધેનુ અને ગોવાલણોને. આમણે પોતાની વાણીથી મુગ્ધ બનાવ્યા છે ભક્તગણને આકર્ષ્યા છે સેંકડો નરનારીઓને પણ પોતે તો અલિપ્ત રહ્યા છે તે વાણીથી આથીજ આજે તેમને જાગ્યો છે સૂરિસમ્રાટ્, આગમોદ્ધારક અને વયોવૃદ્ધ આચાર્યથી મોટા બનવાનો કોડ. અને તે કોડ પૂરા કરવા યોજ્યા છે અર્થથી તૃપ્ત કરેલ ઇમારત ચણનારા કારીગરો. આ કારીગરે યોજી સુંદર ઇમારત અને તેને સમૃદ્ધ બનાવવા યોજ્યા અનેક ખાતાંઓ.

પરંતુ અભૂતપૂર્વ સૂરિ મહારાજને વિજ્ઞપ્તિ છે એક-આપની વાણી મનોહર છે પણ તેમાં વિષવમનતાના ત્યાગની આવશ્યકતા છે. આપ ત્યાગ અને વિનયનું ધ્યાન સુંદર કરી શકો છો પણ વયોવૃદ્ધ આચાર્ય, ગુરૂ અને સુંદર ભવ-

ભીરૂ શિષ્યોના કચવાટને દૂર કરવાની આવશ્યકતા છે. આપ જુવાન હોવા છતાં વિચારો જુનવાણીને પોષક જાહેર કરો છો અને કાર્ય તો નવીનને પણ ટપી જાય તેવું કરો છો તો આવશ્યક્તા છે વાણી વિચાર અને વર્તનની ઐક્યતાની. વાત શાસન સંરક્ષણુતાની રજુ કરે છો પણ પોતાના પોષેલ આગ્રહ આગળ શાસનનું ગમે તે થાય તેની દરકાર રાખ્યા વિના આગ્રહને પૂષ્ટ કરો છો તો આવશ્યક્તા છે શાસનના અખંડ રક્ષણમાં પોતાની શક્તિના ખપની.

સૂરિજી આપે બહુજ તડકો છાંયડો વેઠી દીક્ષા અંગીકાર કરી છે. નાની ઉંમર હોવા છતાં શાસનના ઝંઝાવાતો આપે જોયા છે. વ્યવહારમાં પ્રવીણ નીવડી શકો તેવા હોવા છતાં સંર્વ ત્યાગ સ્વીકાર્યો છે. તો જનતા તમારી પાસે ઇચ્છે છે. શાસનમાં શીતળ છાંયડી, આપની વાણીથી શાસનનો ઉત્કર્ષ અને સંપની ઝંખના સેવે છે. અને જંખે છે તે આપના જીવનથી આપે શાસનમાં પ્રવર્તાવેલ દ્દષ્ટિરાગની માયાવી જાળને હંમેશ માટે દૂર કરવાની ભાવના અને પૂર્વ પુરૂષોના પ્રવર્તાવેલ પર્વારાધનમાં રજુ કરેલ નવીનતાની દફનગિરિ.

આમ બને તો ઘણા વર્ષે રાજનગર આંગણે આપ પધાર્યા તેનું સાફલ્ય છે. અને આપનું ઓછા સાજનનું સ્વાગત વિદાય વખતે સાજનથી ભરપુર હશે. તેમાં પ્રવેશના સ્વાગતની કૃત્રિમતા કરતાં હ્રદયના ભાવથી છલકાતો હશે ઉછરંગ.

શાસનદેવ પ્રત્યે પ્રાર્થના છે મારી અને સૌ કલ્યાણકાંક્ષુની કે આ શબ્દો આપનામાં કર્ણ પ્રવેશ પામી હ્રદયમાં ઉતરે.

---

## વડી દીક્ષા

**રાંદેર** : જૈનાચાર્ય વિજયકલ્યાણસૂરીશ્વરજીમહારાજના નેતૃત્વ નીચે રાંદેરમાં જેઠ વદ ૬ સોમવારના રોજ મુનિ કર્પૂરવિજયજીને વડી દીક્ષા આપવામાં આવી હતી સેંકડો માણસોની મેદની જામેલી હતી. સાથે બે જોડલાંને ચતુર્થ વ્રત આપવામાં આવેલું હતું. વડીદીક્ષા વખતે નામ મુનિ કૈલાસવિજયજી રાખવામાં આવેલું હતું. દેશના સાંભળી પ્રભાવના કરવામાં આવેલ. બપોરે પૂજા આંગી થઇ હતી.

## સુત્ર વાંચના

સુરત ગોપીપુરામાં નેમુભાઈની વાડીમાં જૈનાચાર્ય વિજયકલ્યાણસૂરીશ્વરજી મહારાજે અસાડ સુદ ૧૧ રવીવારના રોજ સેંકડો માણસોની મેદની સર શેઠ નવીલચંદ ખીમચંદે ચઢાવો બોલી, તેમજ પ્રથમ પૂજા કરી આચાર્ય મહારાજે અમવાયાંગસૂત્રની વાંચના સરૂ કરેલ. ભાવના અધીકારે અમમ ચરિત્ર પણ સરૂ થયેલ શ્રોતા વર્ગ સારો લાભ લઇ રહેલા છે. વ્યાખ્યાન ઉઠ્યા બાદ પ્રભાવના કરવામાં આવેલ.

# 卐 ચાતુર્માસ નિર્ણય 卐

## અમદાવાદ

૧ ડહેલાનો ઉપાશ્રય ડોશીવાડાનીપોળ પૂ. પં. શાંતિવિજયજી ગણિવર આદિઠાણા.

૨ વિદ્યાશાળા ડોશીવાડાનીપોળ-પૂ. આચાર્ય વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજ પૂ. આચાર્ય કનકસૂરીશ્વરજી મહારાજ પૂ. મુ. દીપવિજયજી મહારાજ. આદિઠાણા

૩ પાંજરાપોળ જૈન ઉપાશ્રય-પૂ. આ. વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ આદિઠાણા.

૪ લુવારનીપોળનો ઉપાશ્રય-પૂ. આ. વિજયોદયસૂરીશ્વરજી આદિઠાણા.

૫ ઉજમફોઈની ધર્મશાળા ઝવેરીવાડ-પૂ. આ. વિજયન્યાયસૂરિજી આ. વિજયદેવસૂરિજી આદિઠાણા,

૬ ઝવેરીવાડ સાગરનો ઉપાશ્રય-પૂ. ઉપાધ્યાય સિદ્ધિમુનિ પૂ. પં. હેમેન્દ્રસાગરજી મહારાજ, તપસ્વી નરેન્દ્રસાગરજી આદિઠાણા.

૭ દાનસૂરિજી જ્ઞાનમંદિર-પૂ. આ. વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા.

૮ કીકાભટનીપોળનો ઉપાશ્રય-પૂ. મુનિરાજ હંસસાગરજી મ. આદિઠાણા.

૯ વીરનો ઉપાશ્રય ભઠ્ઠીનીબારી-પૂ. મુનિરાજ શ્રી ચરણવિજયજી આદિઠાણા.

૧૦ શામળાનીપોળ-પૂ. તીર્થોદ્ધારક આ. નીતિસૂરીશ્વરજી જૈન ઉપાશ્રય-મુનિરાજ ભૂવનવિજયજી તથા મુનિરાજ કનકવિજયજી આદિઠાણા.

૧૧ શામળાનીપોળ પાયચંદ ગચ્છનો ઉપાશ્રય-મુનિરાજ વૃદ્ધિચંદ્રજી આદિઠાણા.

૧૨ માંડવીનીપોળ-નાગજીભુદરનીપોળ-મુનિરાજ પ્રેમવિજયજી આદિઠાણા.

૧૩ હાજાપટેલનીપોળ પગથીઆનો ઉપાશ્રય-પૂ. મુનિરાજ સુમિત્રવિજયજી, કુશળવિજયજી આદિઠાણા.

૧૪ કાળુશીનીપોળ જૈન ઉપાશ્રય-પૂ. મુનિરાજ મંગળવિજયજી આદિઠાણા.

૧૫ દેવીશાનો પાડો વિમળગચ્છનો ઉપાશ્રય-પૂ. પં. મહેન્દ્રવિમળજી આદિઠાણા.

૧૬ લુણસાવાડો જૈન ઉપાશ્રય-પૂ. પં. મુક્તિવિજયજી તથા વલ્લભવિજયજી આદિઠાણા.

૧૭ જૈન સોસાયટી એલીસબ્રીજ-પૂ. મુનિરાજ દર્શનવિજય, મુ. જ્ઞાનવિજયજી, મુ. ન્યાયવિજયજી આદિઠાણા.

**ખંભાત**–પરમપૂજ્ય આ. વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. વિજયોદયસૂરિજી મહારાજ પૂ. આ. નંદનસૂરિજી મહારાજ આદિઠાણા ભંપોળ જૈન-ઉપાશ્રયે બીરાજે છે.

પરમપૂજ્ય વિજયલબ્ધિસૂરીશ્વરજી પૂ. આ. વિજયલક્ષ્મણસૂરિજી આદિઠાણા. જૈનશાળાનો ઉપાશ્રય.

**મુંબઈ**–પૂ. આ. સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ, તથા પૂ. પં. ચંદ્રસાગરજી ગણિ આદિ ગોડીજીના દહેરાસરે બીરાજે છે.

**જાવાલ**–પૂ. આ. વિજયહર્ષસૂરિશ્વરજીમહારાજ–પૂ. આ. વિજયમહેન્દ્રસૂરિજી આદિઠાણા ચાતુર્માસ રહ્યા છે.

**બીકાનેર**–પૂ. આ. વિજયવલ્લભસૂરીશ્વરજી આદિઠાણા.

**મહેસાણા**–પૂ. આ. વિજયભક્તિસૂરીશ્વરજી આદિઠાણા.

**જામનગર**–પૂ. આ. વિજયામૃતસૂરીશ્વરજી આદિઠાણા. દેવબાગના ઉપાશ્રયે પૂ. મુનિરાજ કનકવિજયજી આદિઠાણા શાંતિભૂવનમાં છે.

**ડભોઈ**–પૂ. આ. વિજયમોહનસૂરીશ્વરજી. પૂ. વિજયપ્રતાપસૂરિજી આદિઠાણા.

**સુરત**–૧ પૂ. આ. વિજયકલ્યાણસૂરિજી આદિઠાણા ગોપીપુરા નેમુભાઇની વાડીમાં ઉપાશ્રયે પધાર્યા છે.

૨ પૂ. પં. દેવેન્દ્રસાગરજી આદિઠાણા હરિપુરાના ઉપાશ્રયે પધાર્યા છે.

૩ પૂ. મુનિરાજ સુબોધવિજયજી આદિ ગોળશેરીના ઉપાશ્રયે પધાર્યા છે.

**વડોદરા**–પૂ. આ. માણેકસાગરસૂરીશ્વરજી આદિઠાણા જાનીશેરીનો ઉપાશ્રય.

**પાટણ**–આચાર્ય સૂરેન્દ્રસૂરીશ્વરજી આદિઠાણા ખેતરવશીનો ઉપાશ્રય.

પૂ. મુનિરાજ પૂણ્યવિજયજી આદિઠાણા સાગરનો ઉપાશ્રય.

**સાબરમતી**–પૂ. આ. વિજયમાણિક્યસિંહસુરિજી આદિઠાણા

**રાધનપુર**–પૂ. આ. વિજયજંબુસૂરિજી આદિઠાણા જૈનશાળાનો ઉપાશ્રય.

પૂ. મુનિરાજ જયંતવિજયજી આદિઠાણા સાગરનો ઉપાશ્રય.

**સીરપુર** (ખાનદેશ)–પૂ. આ. વિજ્ઞાનસૂરિજી ઉ. કસ્તુરવિજયજી આદિઠાણા.

**વાંકલી** (મારવાડ)–પૂ. પં. મંગળવિજયજી ગણિ આદિઠાણા.

**બીમત** (મારવાડ)–પૂ. પં. રંગવિમળજી ગણિ આદિઠાણા.

**ખાનપુર** (પ્રાંતીજ)–પૂ. પં હિંમતવિમળજી ગણિ આદિઠાણા

**થાણા**–પૂ. પં પ્રીતિવિજયજીગણિવર આદિઠાણા.

**ભાલેર**–પૂ. પં ચરણવિજયજીગણિવર આદિઠાણા.

**નવસારી**–પૂ. પં વિદ્યાવિજયજીગણિવર આદિઠાણા.

**ઇન્દોર**–વિદ્યાપ્રેમી મુનિરાજ વિદ્યાવિજયજીમહારાજ

( અપૂર્ણ )

# વર્તમાન સમાચાર.

**જાવાલ** જૈનાચાર્ય વિજયહર્ષસૂરીશ્વરજી મહારાજ તથા આ. વિજય મહેન્દ્રસૂરિજી તથા મુનિ જયવિજયજી તથા મુનિ હંસવિજયજી આદિ ઠાણુાનો જાવાલ ચાતુર્માસાર્થે પ્રવેશ થતાં બરબુટ સુધીથી શ્રાવકો આવ્યા હતા. તથા જૈનબેન્ડ સાથે ધામધૂમથી પ્રવેશ થયો હતો. શ્રાવિકા બબુબાઈએ ગહુંલી કરી સોના મહોર મુકી સોનારૂપાના ફુલથી વધાવ્યા હતા. તે ઉપરાંત ચૌદ સ્થાને રૂપીઓ શ્રીફળ મુકી ગહુંલી કરી હતી. દહેરાસર થઈ ઉપાશ્રયે પધારતાં આ દેવેશે સવા કલાક દેશના આપી હતી.

**નવસારી**–પૂ. પં વિદ્યાવિજયજી મહારાજ આદિ ઠાણા. ૩ નવસારી ચાતુર્માસ માટે ખુબજ મહોત્સવપૂર્વક પધાર્યા છે. અષાડ સુદી ૩ના દીવસે સામૈયાપૂર્વક નવસારી પધાર્યા હતા, અને મનુષ્યકર્તવ્ય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું બપોરે રાગ રાગિણીપૂર્વક પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવી હતી.

**ખંભાત**–પ. પૂ. શાસન શિરોમણી આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજય નેમિસુરીશ્વરજી આ. શ્રી આદિ સ્થંભતીર્થ તપગચ્છ સંઘના અત્યાગ્રહ પૂર્વક નિમંત્રણને ભાવનગર, વળા, બોટાદ, વઢવાણ વિ. ઘણા સંઘોની વિનંતી હોવા છતાં પણ સ્વીકારી વિહારમાં ૭૨ વર્ષની વૃદ્ધાવસ્થામાં પણ કોઇપણ સાધનનો ઉપયોગ કર્યા સિવાય પગે ચાલીનેજ વિહાર કરી શેઠ બુલાખીદાસ માનચંદના બંગલે પધાર્યા હતા. અને વદિ ૪ શેઠ બુલાખીદાસ નાનચંદના બંગલેથી વરઘોડો સવારના નવવાગે ચડી એકવાગે ભ્રંપોળ જૈન ઉપાશ્રયે ઉતર્યો હતો.

વરઘોડાની તૈયારી માટે અગાઉથી સ્વાગત સમિતિ નીમી હતી તેમણે ત્રીજની રાત્રે ધ્વજા પતાકા, બોર્ડો વિ. ની અપૂર્વ શોભા કરી હતી.

**વરઘોડાની ગોઠવણ**

શરૂઆતમાં અગીયાર મોટરો ત્યારબાદ ઘોડા ગાડીયો અને વિકટોરીયા લગભગ પંદર ત્યારબાદ ૩૫ થી ૪૦ સાબેલા અને ત્યારબાદ હાથી રાખવામાં આવેલ, હાથીની ગોઠવણ પહેલેથી રીતસર કરવામાં આવી હતી અને ત્યારબાદ મહારાજશ્રી અને પછીથી સાજન વર્ગ ગોઠવાયેલ હતા.

સાજન વર્ગમાં સારીએ આલમની હાજરી હતી. દરેક લોકો વરઘોડાના તથા મહારાજશ્રીના દર્શન કરવા માટે એટલા ઉલટતાં હતાં કે સંપૂર્ણ વ્યવસ્થા સાચવવી પણ મુશ્કેલ થઇ પડે બહારગામથી સાજન વર્ગમાં અમદાવાદ નિવાસી આણંદજી કલ્યાણજી પેઢીના પ્રતિનિધિ શેઠ ચીમનલાલ લાલભાઈ તથા મયાભાઇ સાંકળચંદ વિ. પચાસેક સદ્‌ગૃહસ્થો તથા સુરત નિવાસી સુરચંદભાઇ પુરૂસોતમદાસ બદામી (માજી ફર્સ્ટકલાસ જજ)ભાવનગર નિવાસી નગરશેઠ ખાંન્તિભાઈ અમરચંદ જશરાજ તથા મુંબઇ, પાટણ, કપડવંજ બોટાદ, ગોધરા, બોરસદ, પેટલાદ તથા

આજુબાજુના ગ્રહસ્થોની હાજરી હતી.

અધિકારી વર્ગમાં સ્ટેટના દિવાન સાહેબ તથા અન્ય અગ્રગણ્ય સર્વ અધિકારીઓ તથા વકીલો તથા શેઠીઆઓની સારા પ્રમાણમાં હાજરી હતી. વરઘોડામાં ઠેકાણે ઠેકાણે રૂપિયાના મોતી તથા માણેકના અને શેઠ બુલાખીદાસ નાનચંદ તરફથી ગીની મુકાઈ ગહુંલીઓમાં સ્વસ્તિકો પુરાયા હતા. અને સોનાચાંદીના ફુલડે મહારાજશ્રીને વધાવ્યા હતા.

**અમદાવાદ** ૧ આચાર્ય વિજયરામચંદ્રસૂરિજી મહારાજનું સામૈયુ વિજયદાનસૂરિ પૌષધશાલા તરફથી થયું હતું. સામૈયામાં પાંચ હાથી અને સાંબેલાની ગોઠવણી કરવામાં આવી હતી.

૨ પૂ. હંસસાગરજી મહારાજ સારા સાજન સાથે જેઠ વદી ૧૧ના રોજ કીકાભટનીપોળે પધાર્યા હતા. જ્યાં આગળ તેઓશ્રીની ચાતુર્માસ માટેની વિનંતિ થઇ હતી. તદુપરાંત નાગજીભૂદરની પોળના ઉપાશ્રય માટે ચાતુર્માસની વિનંતિ પોળ તરફથી થઇ હતી. અને અષાડ સુદ ૩ના દીવસે શેઠ કચરાભાઈ, શેઠ કેશવલાલ નવાબ, શેઠ ઘોળીદાસ ડુંગરશીભાઇ વિગેરે પોળના અને પોળસિવાયના શેઠ ભોગીલાલ મગનલાલ સુતરીયા. શેઠ ગીરધરલાલ છોટાલાલ, શેઠ પુંજાભાઇ દીપચંદ વિગેરે સદ્ગ્રહસ્થોના સાજન સાથે નાગજીભૂદરનીપોળે પધાર્યા હતા. વ્યાખ્યાન બાદ શ્રીફળની પ્રભાવના થઈ હતી.

મહારાજશ્રીને નાગજીભૂદરની પોળે ચાતુર્માસ માટે ખુબજ આગ્રહભરી વિનંતિ હોવા છતાં કીકાભટનીપોળે પ્રથમ આવેલ હોવાથી અને તેમની વિનંતિ પ્રથમ હોવાથી તેઓ કીકાભટનીપોળે ચાતુર્માસ કરશે અને નાગજીભુદરનીપોળે પૂ. આ. વિજયભક્તિસૂરીશ્વરજી મ.ના શિષ્ય રત્ન પ્રેમવિજયજી મહારાજ આદિ ઠાણા કરશે.

નાગજીભુદરનીપોળે મહારાજશ્રી હંસસાગરજીને ન લાવવા માટે-ઉપાશ્રયના માલીક ચંપાબ્હેનને આડું અવળું સમજાવવાનો ખુબખુબ પ્રયત્ન કરનાર કરાવનાર અને એક બાજુ સામૈયું પોતાના ખર્ચે કરી રાજનગરના નામે જણાવનાર કઈ ધર્મભાવના પોષતા હશે ?

૩ મુનિરાજ દર્શનવિજયજી આદિ ત્રિપુટી ખુબજ ધામધૂમ પૂર્વક ચાતુર્માસ માટે જૈન સોસાયટી એલીસબ્રીજના જૈન ઉપાશ્રયે પધાર્યા છે.

૪ અષાડ સુદ ૬ના દીવસે કલ્યાણકનો વરઘોડો નીકળ્યો હતો. જેમાં પૂ. આચાર્યાદિ મુનિ મહારાજો અને સંભાવિત ગૃહસ્થોની સારી હાજરી હતી.

**જામનગર**:—પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રીવિજયનેમિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયઅમૃતસૂરિજી ચાતુર્માસ નિમિત્તે જામનગરમાં જેઠ સુદ ૧૩ રવીવારનારોજ પાંચ મુનિવરો સાથે પધારેલ છે. પ્રભાતના પ્રથમ મંગળ ચોઘડીએ અત્રેના સમસ્ત ચતુર્વિધ સંઘે અતિ ભવ્ય સામૈયાપૂર્વક આચાર્યદેવનું સ્વાગત કરેલ છે. વિશાશ્રીમાલી, દશાશ્રીમાલી, તથા ઓશવાળ આદિ સર્વ જ્ઞાતિઓના મુખ્ય આગેવાનો સામૈયામાં પૂર્વનો ભેદભાવ ભૂલી હાજર હતા. નગરશેઠ સંઘવી પોપટલાલ ધાર-

શીભાઈ, સરન્યાયાધિશ શેઠ સાંકળચંદ તથા શેઠ નરભેરામભાઈ વિગેરે અગ્રગણી આગેવાનોની હાજરીથી સામૈયાની શોભા અપૂર્વ બની હતી. સ્થળે સ્થળે ડગલેને પગલે શ્રાવિકાઓએ ભક્તિપૂર્વક ગહુંલીઓ પુરી આચાર્યદેવનું સ્વાગત કર્યું હતું. પૂ. સાધ્વીજી મહારાજ શ્રીદેવશ્રીજી તથા ચિત્તશ્રીજી પોતાના સમુદાય સાથે હાજર હતા. સામૈયામાં ઘોડાનગારૂં બગીઓ, મોટરો, તથા સ્ટેટનું મીલીટરી મશક બેન્ડ, જૈનબેન્ડ આદિ સ્ટેટની રિયાસત સાથે હાજર હતા. નગરશેઠ પોપટલાલ ધારશીભાઈ દેવરાજ સંસ્થાપિત શ્રી જૈન દેવબાગ તથા શ્રી જૈનલક્ષ્મી આશ્રમમાં આચાર્યદેવે મનુષ્યજીવન કેમ સફળ થાય તે વિષય ઉપર અપૂર્વ દેશના આપી હતી નગરશેઠ તરફથી બુંદીના લાડુની પ્રભાવનાં થઇ હતી.

**જાવાલ દીક્ષા મહોત્સવ**

**જાવાલ** નિવાસી ટીમુબાઈની દીક્ષા લેવાની ભાવના ચિરકાલથી હોઈ અને આ. દેવેશનું ચાતુર્માસ અત્રે હોવાથી જે. વ. ૬ના શુભ મુહૂર્તે આંબાવાડી સ્થાને વરસીદાનાદિ મહોત્સવપૂર્વક દીક્ષા આપી સંયમશ્રી નામ રાખી સાધ્વીજીશ્રી મનોહરશ્રીના શિષ્યા જાહેર કરવામાં આવેલ, ટીપુબાઇના વાયણાના રૂપીયા ૨૩૦૦) ૭૦૧) રજોહરણના મોતીજી કપુરચંદજી તરફથી, રથાદિના ૯૦૦) બીજા ઉપગરણના ૧૨૨૫) રૂપીયા થયા હતા. શાહ ચમનાજી મનરૂપજી આદિ બે સજોડા સાથે ચતુર્થવ્રત ઉચ્ચર્યું હતું. શાહ ચમનાજીએ સોનામહોર મુકવાપૂર્વક વાસક્ષેપ નખાવ્યો હતો. આ અવસરે દીક્ષા લેનાર બેનનો સ્વજન વર્ગ તથા બરલુટ, કાલન્દ્રી, ઉડ, પાડીવ, વિગેરેથી જનતા સારા પ્રમાણમાં આવી હતી, પન્યાસ મંગળવિજયજી આદી અત્રે પધારેલા અને વાંકલીથી શ્રાવકો ચતુર્માસની વિનંતિ માટે આવતાં પન્યાસજી મહારાજે વાંકલી તરફ વિહાર કર્યો છે. ચાતુર્માસ પ્રાયઃ વાંકલી થશે. દીક્ષા લેનાર બાઇ તરફથી જે. વ. ૪થી અઠ્ઠાઈ મહોત્સવનો આરંભ થયો છે. રોહીડામાં પ્રવેશ સમયે ૫૦ ઉપરાંત ગહુંલી થયેલ હતી.

**સોનગઢમાં ધ્વજદંડારોપણ–**

મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમમાં પ્રભુ મહાવીરસ્વામીના દેરાસર ઉપર નવું શિખર બંધાવાથી ધ્વજાદંડારોપણની આવશ્યકતા જણાતાં પ્રાતઃસ્મરણીય–પ્રાચીન તીર્થોદ્ધારક બાલબ્રહ્મચારી આચાર્ય શ્રીવિજયનીતિસૂરીશ્વરજી મહારાજના સુશિષ્ય પન્યાસ પ્રમોદવિજયજી મહારાજના સદુપદેશથી અમદાવાદમાં લુહારની પોળમાં વસતા શેઠ સારાભાઇ વાડીલાલ તરફથી વૈશાખ શુદી ૧૩ને શનિવારે સવારમાં કુંભ સ્થાપન કરવામાં આવ્યુ હતું તેમજ જેઠ શુદી બીજને દિવસે સવારે ધ્વજાદંડ

પ્રકાશક–**ભોગીલાલ સાંકળચંદ શેઠ.** "**જૈનધર્મ વિકાસ**" ઓફિસ જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ–**અમદાવાદ.**
મુદ્રક–**હીરાલાલ દેવચંદ શાહ.** શારદા મુદ્રણાલય. જુમામસ્જીદ સામે–**અમદાવાદ**